॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# પુસ્તકાલય જ્ઞાનગંગાનો અવિરત વહેતો પ્રવાહ

**રેશ્મા પંચાલ**

**સારાંશ :**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય (M. J. Library) એ શહેરની ઓળખરૂપી એક સાર્વજનિક પુસ્તકાલય છે. શહેરના નાગરિકોને પુસ્તકાલય અને વાચનાલયની ઉત્તમોત્તમ સેવાઓ પૂરી પાડવા આ પુસ્તકાલય કટિબદ્ધ છે. અમદાવાદ શહેરને સ્માર્ટ સિટીનો દરજ્જો મળતા પુસ્તકાલયની સેવાઓ પણ અદ્યતન બની છે તેમજ વિસ્તરતી રહી છે. શાખા પુસ્તકાલયો તેમજ વાચનાલયોનો પણ બહોળા પ્રમાણમાં વાચકો ઉપયોગ કરતા થયા છે. મા. જે. પુસ્તકાલયમાં આપવામાં આવતી સેવાઓ, બાળકો માટેના સાહિત્યિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો, મહિલાઓ માટેના કાર્યક્રમો, પુસ્તક પ્રદર્શનો, માહિતી પ્રદર્શનો જેવી અનેક પ્રવૃત્તિઓથી આ પુસ્તકાલય સતત ધબકતું રહ્યું છે.

**ચાવીરૂપ શબ્દો** : પુસ્તકાલય, સેવાઓ, વિભાગો, કાર્યક્રમો

**પ્રસ્તાવના :**

પુસ્તકનું મૂલ્ય રત્નથી પણ વિશેષ છે. રત્ન બાહ્ય ચમક બતાવે છે, જ્યારે પુસ્તક અંત:કરણને અજવાળે છે. ગ્રંથો તો સંસ્કૃતિના સંરક્ષકો અને સર્જન કરનારા પરિબળો છે. વિશ્વની મહાન વિભૂતિઓનું સર્જન શિષ્ટ સાહિત્યના વાંચનથી થયું છે. જેઓએ પુસ્તકના જ્ઞાનને પોતાના જીવનમાં ઉતાર્યું છે તેઓએ વિશ્વના પ્રવાહને પલટી નાખી નવા યુગનું નિર્માણ કર્યું છે. કોઈ પણ રાષ્ટ્રની સમૃદ્ધિનો આધાર તેના સમૃદ્ધ પુસ્તકાલયો અને સાહિત્યિક વારસા પર છે. વ્યક્તિ કે રાષ્ટ્રને પ્રગતિની દિશા પુસ્તકાલયમાંથી મળતી હોય છે.

ગુજરાતમાં ગ્રંથસંસ્કૃતિને વિકસાવવામાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા, મોતીભાઈ અમીન, સ્વામી ભિક્ષુ અખંડાનંદ, ઝવેરચંદ મેઘાણી અને ગાંધીજીનું યોગદાન અનન્ય છે. ગ્રંથ સંસ્કૃતિમાં ઘરે-ઘરે, મહોલ્લે-મહોલ્લે, ગામે-ગામે નાનું-મોટું ગ્રંથાલય હોવું જરૂરી છે. જ્ઞાનના પ્રચાર-પ્રસાર તથા વિસ્તરણ માટે, સમાજના વિકાસાર્થે ગ્રંથાલયો અતિ આવશ્યક છે. પરંતુ આધુનિક યુગમાં સાહિત્ય વિસ્ફોટ, નાણાકીય ભીડ, ટાંચા સાધનો આ બધી બાબતોને લઈને એ સંભવ નથી કે કોઈ એક જ ગ્રંથાલય બધા જ વાચકોની આવશ્યકતાની પૂરતી કરી શકે. તેના કારણે ગ્રંથાલયોના અનેક પ્રકારો અસ્તિત્વમાં આવ્યા જેમાં મુખ્યત્વે સાર્વજનિક ગ્રંથાલય, વિશિષ્ટ

ગ્રંથાલય અને શૈક્ષણિક ગ્રંથાલયનો સમાવેશ થાય છે. આમ, વિવિધ પ્રકારો ઉપભોક્તાની વાંચન સંબંધી અભિરુચિ, શૈક્ષણિક સ્તર, ઉંમર વગેરે ઉપર આધારિત હોય છે. સોનેરી સપનારૂપી અમદાવાદ શહેરની સંસ્કાર અને સંસ્કૃતિની ગરિમાને ઉજાગર કરતી સંસ્થા એટલે શેઠ મા. જે. પુસ્તકાલય. સાબરમતી નદીના કિનારે નિરંતર વહેતા જ્ઞાનરૂપી પવિત્ર ઝરણાનું આચમન આ જ્ઞાનમંદિર સૌને કરાવે છે.

**શેઠ મા. જે. પુસ્તકાલયનો પ્રારંભ :** ઐતિહાસિક દાંડીકૂચના પ્રારંભે મહાત્મા ગાંધીજીએ આશ્રમના પુસ્તકો થકી સાર્વજનિક પુસ્તકાલયની રચનાનો વિચાર પ્રદર્શિત કર્યો. જે ૨૭મી જુલાઈ ૧૯૩૩ના રોજ ફ્રી પ્રેસ જર્નલમાં પ્રગટ થતાં બીજા જ દિવસે રસિકલાલ માણેકલાલ તરફથી રૂ.૫૫,૦૦૦ની સખાવત ગ્રંથાલય ભવનના નિર્માણ માટે મળતાં તેઓશ્રીના પિતાની સ્મૃતિમાં 'માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય' અસ્તિત્વમાં આવ્યું. સાહિત્યકારો, સાહિત્યરસિકો અને જ્ઞાનપિપાસુઓમાં "મા.જે." ના હુલામણાં નામથી આ પુસ્તકાલય તેના પ્રારંભથી જ ભવ્ય ભૂતકાળ સાથે ઉજ્જવળ વર્તમાનના સુર્વણાંકિત પૃષ્ઠો થકી વધુ દૈદીપ્યમાન અને સુવાસિત બન્યું છે. પૂજ્ય બાપુજીના કરકમલોના સ્પર્શે ખાતમુહુર્ત પામ્યા બાદ પાંચેક વર્ષમાં જયપુરી સ્થાપત્ય ધરાવતું ભવન તૈયાર થતાં ૧૫મી એપ્રિલ ૧૯૩૮ના રોજ આ પુસ્તકાલય ભારતના લોખંડી પુરુષ અને ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈના શુભહસ્તે જાહેરજનતાના લાભાર્થે ખુલ્લું મુકાયું. ઈ.સ. ૧૯૫૦માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ.૫૦,૦૦૦/-નું વિશેષ અનુદાન મળતા અલગ ગ્રંથભંડારની રચના થઇ અને ૧૯૫૭માં પુસ્તકોને બંધ કબાટોના બંધનમાંથી મુક્ત કરવામાં આવ્યા.

અમદાવાદના મા. જે. પુસ્તકાલયમાં રોજબરોજ અનેકવિધ વાચકો વાંચન સાહિત્યનો લાભ લે છે. આ પુસ્તકાલયમાં અનેક વિભાગો કાર્યરત છે તેમજ જુદી જુદી સેવાઓ આપવામાં આવે છે. જેની માહિતી અહીં આ લેખમાં રજૂ કરવામાં આવી છે.

**મા. જે. પુસ્તકાલયના વિભાગો** :

**વાચનાલય અને સામાયિક વિભાગ** : પુસ્તકાલયમાં લોકપ્રિય અને ચહલ-પહલવાળો વિભાગ વાચનાલય અને સામયિક વિભાગ છે. આ વિભાગમાં આશરે ૩૫ બેઠકોની વ્યવસ્થા છે, જેમાં સિનિયર સીટીઝનનો સમાવેશ કરવામાં આવેલ છે.

**ભાષાવાર સામયિક / વર્તમાનપત્રની વિગત :**

| ક્રમ નં. | ભાષા | સામાયિકની સંખ્યા | વર્તમાનપત્રોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૫૪ | ૧૧ |
| ૨ | હિન્દી | ૨૨ | ૨ |
| ૩ | અંગ્રેજી | ૩૪ | ૦૭ |
| ૪ | ઉર્દૂ | ૧ | - |
| ૫ | બંગાળી | ૧ | - |
| **કુલ સંખ્યા** | | **૧૧૨** | **૨૦** |

**ગ્રંથ ભંડાર :**પુસ્તકાલયના ગ્રંથભંડારમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, બંગાળી, મરાઠી, ઉર્દૂ, સિંધી, અને ફ્રેંચ એમ કુલ ૮ ભાષાના પુસ્તકો છે. પુસ્તકોને ભાષાવાર અને વિષયવાર ડયૂઈ ડેસીમલ ક્લાસીફિકેશન પદ્ધતિથી વર્ગીકૃત કરી ગોઠવવામાં આવેલ છે.

| **ક્રમ નં.** | **ભાષા** | **પુસ્તકોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ગુજરાતી | ૪,૦૯,૨૦૨ |
| ૨ | અંગ્રેજી | ૧,૫૭,૨૫૮ |
| ૩ | હિન્દી | ૬૧,૨૦૨ |
| ૪ | ઉર્દૂ | ૧૭,૪૫૫ |
| ૫ | મરાઠી | ૧૦,૧૫૭ |
| ૬ | સંસ્કૃત | ૪,૨૫૮ |
| ૭ | બંગાળી | ૨,૫૬૪ |
| ૮ | સિંધી | ૧,૨૨૬ |
| ૯ | ફ્રેંચ | ૧૦૬ |
| **કુલ** | | **૬,૬૩,૪૨૮** |

**વિશિષ્ટ ગ્રંથસંગ્રહ :** પુસ્તકાલયની સેવાઓને વધુમાં વધુ માહિતીસભર, અસરકારક અને ચોકસાઈભરી બનાવવા વિશિષ્ટ વિષયના કેટલાક સંગ્રહો અલગ કરવામાં આવ્યા છે.

| | |
|---|---|
| **સત્યાગ્રહ આશ્રમનો ગ્રંથસંગ્રહ** | પુસ્તકાલયની શરૂઆત સત્યાગ્રહ આશ્રમના પુસ્તકોથી કરવામાં આવી હતી. ૧૯૭૭ સુધી આ પુસ્તકો દેય વિભાગમાં હતા ત્યારબાદ તેને અદેય સ્વરૂપ ગણીને અલગ મુકવામાં આવ્યા છે. |
| **ગાંધી સાહિત્ય** | રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ લખેલા અને તેમના વિશે લખાયેલા ગ્રંથોનો સંગ્રહ અભ્યાસુઓ અને સંશોધકો માટે અલગ કરવામાં આવેલ છે. આ ગ્રંથો અલાયદા ખંડમાં સંગ્રહિત કરવામાં આવેલ છે. જેનો સારો એવો લાભ અભ્યાસુઓ અને સંશોધકો દ્વારા કરવામાં આવે છે. |
| **આપણું અમદાવાદ** | અમદાવાદ અને અ.મ્યુ. કોર્પોરેશનના સ્પર્શતા અનેક ગ્રંથોનો સંગ્રહ 'આપણું અમદાવાદ' માં નગર વિશેની માહિતી ઉપલબ્ધ છે |
| **ગુજરાત : સ્થાનિક ઈતિહાસ** | આ વિભાગમાં ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ, રાજકારણ, સમાજજીવન, લોકસાહિત્ય-સંસ્કૃતિ, શિલ્પ અને સ્થાપત્ય વગેરે વિષયોને સ્પર્શતું સાહિત્ય સંગ્રહિત છે |

**રેફરન્સ વિભાગ :** સંદર્ભ ગ્રંથસંગ્રહની વિપુલતા અને વિવિધતા આ પુસ્તકાલયની વિશેષતા છે. સામાન્ય વાચકથી માંડી જિજ્ઞાસુઓ, અભ્યાસુઓ, સંશોધકો અને વિદ્યાર્થી સમુદાય આ વિભાગનો સતત ઉપયોગ કરે છે. આ વિભાગમાં encyclopedia, ડીક્ષનરીઓ, જીવનચરિત્રો, કલાઓ તેમજ અલભ્ય સંદર્ભ ગ્રંથો નો સમાવેશ કરવામાં આવેલ છે.

**બાળકિશોર વિભાગ :** યુનેસ્કો લાઈબ્રેરી ડેવલપમેન્ટ પ્લાન અન્વયે ૧૪ જૂન ૧૯૫૬માં ૬ થી ૧૪ વર્ષની વય ધરાવતા બાળકો માટે આ વિભાગ શરુ કરવામાં આવેલ છે. અહીં બાળકોને અનુરૂપ વૈવિધ્યસભર વાચન સામગ્રી ઉપલબ્ધ છે. જેમાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, મરાઠી, ઉર્દૂ ભાષાના પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વાંચન, વાચનેત્તર અને સાંસ્કૃતિક કાર્યક્રમો આ વિભાગની આગવી લાક્ષણિકતા રહી છે.

| ક્રમ નં. | ભાષા | પુસ્તકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગુજરાતી | ૮૩,૧૧૦ |
| ૨ | અંગ્રેજી | ૨૩,૫૦૧ |
| ૩ | હિન્દી | ૯,૩૪૯ |
| ૪ | ઉર્દૂ | ૯૦૩ |
| ૫ | મરાઠી | ૮૪૭ |
| ૬ | સંસ્કૃત | ૧૧ |
| ૭ | બંગાળી | ૧૮ |
| ૮ | સિંધી | ૩૯ |
| **કુલ** | | **૧,૧૭,૭૭૮** |

આ વિભાગમાં બાળકો વાંચન કરી શકે તે માટે આશરે ૭૦ બાળકોની બેઠક વ્યવસ્થા છે. આ વિભાગના ગ્રંથ ભંડારમાંથી દેય પુસ્તકો ઈશ્યુ કરાવી શકાય છે અને અદેય પુસ્તકો એટલે સંદર્ભ ગ્રંથો (રેફરન્સ)માંથી બાળકો તેમને ઉપયોગી માહિતીની ઝેરોક્ષ મેળવી પ્રોજેક્ટ વર્ક તૈયાર કરતા હોય છે. બાળકોને પુસ્તકો ઈશ્યુ કરાવીને ઘરે લઈ જવા માટે બાળ સભ્યપદની જરૂરીયાત રહે છે. સામાન્ય તથા આજીવન સભ્યપદ આમ બે પ્રકારની મેમ્બરશીપ હોય છે. બાળકો માટે તા. ૮-૩-૦૪ ના રોજ થી આજીવન મેમ્બરશીપની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. જેમાં બાળ વાચકોને કોમ્પ્યુટરાઈઝડ કાર્ડ આપવામાં આવે છે. તેઓ આ કાર્ડનો ઉપયોગ ૬ - ૧૪ વર્ષની ઉંમર દરમ્યાન કરી શકે છે. ત્યારબાદ તેઓનું સભ્યપદ આપોઆપ વયસ્ક વિભાગમાં પરિવર્તિત કરવામાં આવે છે.

**મહિલા વિભાગ :** વૈવિધ્યભરી અને વિશેષ વાંચનસામગ્રી ધરાવતા આ વિભાગમાં મહિલાઓને ઉપયોગી એવા ગૃહસજાવટ, પાકશાસ્ત્ર, આરોગ્ય, સૌંદર્ય, ફેશન ડીઝાઈનીંગ ભરત-ગૂંથણ, સીવણ, સ્ત્રી ધર્મ, દામ્પત્ય, મહેંદી, રંગપૂરણી, ભજન, ગરબાવલી, ધાર્મિક તેમજ આજના સાંપ્રત પ્રવાહને લગતા પુસ્તકો-વિષયોનો ગ્રંથસંગ્રહ છે.

| ક્રમ નં. | ભાષા | પુસ્તકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગુજરાતી | ૯,૧૫૪ |
| ૨ | અંગ્રેજી | ૧,૮૩૭ |
| 3 | હિન્દી | ૧,૦૯૭ |
| ૪ | મરાઠી | ૧૬૩ |
| કુલ | | **૧૨,૨૫૧** |

જેનો ઉપયોગ મહિલાઓ સામાન્ય ગ્રંથભંડારની જેમ કરે છે. આ ઉપરાંત મહિલાઓને લગતા સામયિકો પણ અહીં બેસીને વાંચવા માટે મુકેલા છે.

**અધ્યયન વિભાગ :** અદેય વિભાગના ગ્રંથોના ઉપયોગ માટે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે અલગ અધ્યયન વિભાગની રચના કરવામાં આવેલ છે. વિશેષમાં પોતાના ગ્રંથો સાથે બેસવાની વિશેષ સુવિધા આપવામાં આવે છે.

**આર્ટ અને પિક્ચર ગેલેરી :** કલા, સાહિત્ય અને સંસ્કૃતિને પોષક આર્ટ અને પિક્ચર ગેલેરીનું અહીં કાયમી ધોરણે આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રદર્શન વિભાગમાં " અમદાવાદ – ગઈકાલ અને આજ " ના ફોટોગ્રાફ્સ વિશેષ આકર્ષણ ધરાવે છે. વાર-તહેવારે, જન્મજયંતિ, પુણ્યતિથિ પ્રસંગે વિવિધ પ્રદર્શનો ગોઠવવામાં આવે છે.

**પંડિત સુખલાલજી પ્રજ્ઞાચક્ષુ શ્રાવ્ય વિભાગ :** પુસ્તકાલયના ૭૫મા વર્ષની ઉજવણીના ભાગરૂપે તા. ૨૩-૩-૨૦૧૩, શનિવારના રોજ મા.જે. પુસ્તકાલય ખાતે પ્રજ્ઞાચક્ષુ નાગરિકો માટે ઓડિયો વિભાગનો શુભારંભ તત્કાલિન માન. મેયરશ્રી અસિતભાઈ વોરાના વરદ્ હસ્તે કરવામાં આવેલ અને તે વિભાગનું નામ "પંડિત સુખલાલજી પ્રજ્ઞાચક્ષુ શ્રાવ્ય વિભાગ" રાખવામાં આવેલ છે.

ભારતમાં કોઈ પણ શહેરના મ્યુ. કોર્પોરેશન દ્વારા ચલાવવામાં આવતા સાર્વજનિક પુસ્તકાલયમાં પ્રજ્ઞાચક્ષુઓ માટે ઓડિયો વિભાગનું આયોજન કરવામાં આવ્યું હોય તેવું મા.જે. પુસ્તકાલય દેશનું પ્રથમ પુસ્તકાલય છે. જેમાં પ્રજ્ઞાચક્ષુ નાગરિકો માટે વાતાનુકૂલિત લાઈબ્રેરી, દરેકને અલગ ટેબલ ખુરશી, આઠ લોકો એક સાથે બેસી શકે તેવી વ્યવસ્થા, નવા સીડી પ્લેયર, ડેઝી પ્લેયર, નવા હેડફોન તથા જોસ (JAWS) નામનું સ્ક્રીન રીડીંગ સોફ્ટવેર ઈન્સ્ટોલ કરેલ કમ્પ્યુટર વસાવવામાં આવેલ છે.

| ક્રમ નં. | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓડિયો સીડી/ડીવીડી | ૩૩૫૯ |
| ૨ | ડેઝી પ્લેયર | ૫ |
| 3 | સીડી/ડીવીડી પ્લેયર | ૫ |
| ૪ | હેડફોન | ૫ |

| | | |
|---|---|---|
| ૫ | બ્રેઈલર મશીન | ૨ |
| ૬ | કુલ ઉપભોક્તા | ૨૫૯ |

આ વિભાગ નો મુખ્ય ઉદ્દેશ અમદાવાદ શહેરના અલગ અલગ વિસ્તારોમાં વસતા પ્રજ્ઞાચક્ષુ નાગરિકો પોતાને મનગમતા સાહિત્યની ઓડિયો સીડીના માધ્યમથી લાભ લઇ શકે તે માટે લગભગ ૩૩૫૯ જેટલી અલગ અલગ ભાષાની ઓડીઓ સીડી પણ વિભાગમાં સંગ્રહિત કરવામાં આવેલ છે. હાલ આ વિભાગમાં કોઈ ચાર્જ લેવામાં આવતો નથી.

એક આદર્શ અને ઉત્તમ સાર્વજનિક ગ્રંથાલયનું ઉદાહરણ આ પુસ્તકાલયે પૂરું પાડ્યું છે. પુસ્તકાલયના સ્થાપનાકાળથી આજદિન સુધી પુસ્તકાલયની વિકાસરેખા ઝડપથી આગળ વધી રહી છે. આ પુસ્તકાલય એક નાનકડા બીજમાંથી આજે વટવૃક્ષ બની ગયું છે. તા. ૨૮-૦૨-૨૦૧૧ થી અ. મ્યુ. કોર્પોરેશન સંચાલિત તમામ પુસ્તકાલયો / વાચનાલયો મા. જે. પુસ્તકાલય હસ્તક મૂકવામાં આવતા હાલમાં મા. જે. પુસ્તકાલય સહિત શહેરના ૫૫ વાચનાલાયો અને ૪ શાખા પુસ્તકાલયો કાર્યરત છે.

મા. જે. પુસ્તકાલયમાં વર્ષો સુધી પુસ્તક આપ-લે થી લઇ વિવિધ પ્રકારની સેવાઓ મેન્યુઅલી આપવામાં આવતી હતી. ઇન્ફર્મેશન ટેકનોલોજીના યુગમાં કદમ મિલાવવા માટે ૧૫ એપ્રિલ, ૨૦૧૦ના રોજથી પુસ્તાકાલયની સેવાઓ કમ્પ્યુટર આધારિત કરવામાં આવી. સાહિત્ય સર્જન અને પ્રચાર-પ્રસાર સાથે વિકાસ માટે સતત કાર્યરત આ પુસ્તકાલયની સેવાઓ વર્ષના ૩૫૯ દિવસ સવારના ૭.૦૦ થી રાત્રિના ૧૦.૦૦ વાગ્યા સુધી આપવામાં આવે છે.

અમદાવાદ શહેરને સ્માર્ટ સિટીનો દરજ્જો મળતા સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અન્વયે શેઠ મા. જે. પુસ્તકાલય તેમજ તેના સંલગ્ન ૪ શાખા પુસ્તકાલયોમાં 'ડીઝીટલ ઇન્ડિયા' અંતર્ગત તા. ૦૧-૦૬-૨૦૨૧ના રોજ ઓનલાઈન સેવાઓનો પ્રારંભ કરવામાં આવ્યો. તે અંતર્ગત મેન્યુઅલ સેવાઓ બંધ કરી માત્ર ઓનલાઈન સેવાઓ આપવામાં આવે છે. આ સેવાઓના પ્રારંભ થયેથી સ્થળ અને સમયની મર્યાદા સિવાય ૨૪ કલાક અમદાવાદ શહેર અને વિશ્વના કોઈ પણ ખૂણે વસતા જિજ્ઞાસુઓ તેનો લાભ મેળવી શકે છે. સદર સેવાઓમાં મુખ્યત્વે :

- ઓનલાઈન મેમ્બરશીપ( આજીવન અને વાર્ષિક), બુક રીઝર્વેશન, રીન્યુ તેમજ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.
- RFID Systemનું અમલીકરણ, ૩૭૦૦ જેટલી ઈ-બુક્સ, મા. જે. પુસ્તકાલયના પુસ્તકોની માહિતી ઓનલાઈન વેબસાઈટ (www.mjlibrary.in) પર ઉપલબ્ધ છે.
- શેઠ મા. જે. પુસ્તકાલય તેમજ તેના સંલગ્ન શાખા પુસ્તાકલયોમાં સ્માર્ટ સીટી અંતર્ગત સીસીટીવી કેમેરા, એલ.ઈ.ડી. ટીવી, કિઓસ્ક મશીન, મોબાઈલ એપ્લીકેશન તેમજ ફ્રી વાઈ-ફાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

- મુખ્ય પુસ્તકાલય અને શાખા પુસ્તકાલયોને નેટવર્કીંગના માધ્યમથી અરસ પરસ જોડવામાં આવ્યા છે, જેથી વાચક કોઈ પણ શાખા પુસ્તકાલયમાંથી પોતાને ગમતું પુસ્તક ઈશ્યુ કરાવી શકે છે.
- ઓનલાઈન સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે કમ્પ્યુટર સીસ્ટમ તેમજ ઈ-રીડરથી સજ્જ કમ્પ્યુટર લેબ બનાવવામાં આવી છે.
- ઉપભોક્તાઓ સ્વયં પુસ્તકો ઈશ્યુ-રીટર્ન કરી શકે તે માટે કિઓસ્ક મશીનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત નવોદિત કલાકારો પ્રોત્સાહિત થાય તેમજ તેમની કૃતિઓ રજૂ કરી શકે તે માટે તેઓને પ્લેટફોર્મપૂરું પાડવાના શુભ આશયથી 'સિનીયર આર્ટીસ્ટ ફોરમ' ના નેજા હેઠળ જૂની રંગભૂમિના કલાકારો દ્વારા દર માસની છેલ્લી તારીખે કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

દર શનિવારે શહેરના નામાંકિત સાહિત્યકારો, કવિ અને લેખક મિત્રો દ્વારા 'સાહિત્ય ચોરો' અન્વયે સાહિત્યકારોની સ્વકૃતીઓનું પઠન, ગઝલ, વાર્તાલાપ અને પ્રશ્નોત્તરીનું આયોજન પુસ્તકાલયના ઓડીટોરીયમમાં કરવામાં આવે છે.

જ્ઞાન, માહિતી અને મનોરંજન સાથે બાળકોમાં વાંચન ટેવ ખીલવી શકાય તેમજ તેમના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થાય તે માટે આ પુસ્તકાલય સતત પ્રયત્નશીલ રહ્યું છે. ઉનાળુ વેકેશનમાં બાળકો માટે ઇન્ડોર ગેમ, ક્રાફ્ટ વર્ક, વેશભૂષા, ગીત-સંગીત, વકતૃત્વ સ્પર્ધા, ચિત્રકામ અને ગણિત ગમ્મત જેવા જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આવા મનગમતા વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરી બાળકોને ભાગ લેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

**ઉપસંહાર :**

અનેકવિધ માહિતી માધ્યમોના પડકારો વચ્ચે ગ્રંથાલયસેવાને સતત અગ્રેસર અને જીવંત રાખવા ગ્રંથાલય સેવાઓનું ફલક અત્યંત વિસ્તરતું રહ્યું છે. તેના સેવાફલક ઉપર માત્ર વયસ્કો જ નહીં અપિતુ સૌ નાના ભૂલકાઓ, બાળકો, કિશોરો, મહિલાઓ, સિનીયર સિટીઝન, પ્રજ્ઞાચક્ષુઓ વગેરેને પણ આવરી લેવામાં આવ્યા છે. વૈવિધ્યસભર વિસ્તરણ સેવાઓ અને વિશેષ કરીને 'સાહિત્ય વર્તુળ', 'સાહિત્ય ચોરા'ની સાહિત્યિક પ્રવૃતિએ મૂક સાહિત્યને જીવંત બનાવી માત્ર અમદાવાદને જ નહીં અપિતુ સમગ્ર ગુજરાતને ગૂંજતું કર્યું છે. નગરજનો માટે આ પુસ્તકાલય ગૌરવ બની રહયું છે.

**સંદર્ભ :**


- શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦૨૦
- www.mjlibrary.in
- ભૈયા છગનલાલ, વાંચે ગુજરાત અભિયાન : સાર્વજનિક ગ્રંથાલયોની ભૂમિકા,અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૧૦.
- બર્ગર, એલન અને કાઉત્ઝ , કોન્સ્ટન્સ આર. (૧૯૭૦) અંધ અને દ્રષ્ટિની માર્યાદિત વિદ્યાર્થીઓ માટે માહિતી અને સામગ્રીના સ્રોત. એલિમેન્ટરી અંગ્રેજી , ૪૭ (૮) ડિસેમ્બર , ૧૧ (૦૫) http://www.jstor.org/stable/41387754 માંથી પ્રાપ્ત થયેલ છે.
- શાહ, પ્રવિણભાઈ અને અન્ય. (૨૦૦૭). ગ્રંથાલય આધુનિકરણને પગલે. અમદાવાદ: ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ.



**રેશ્મા પંચાલ**

પીએચ.ડી.વિદ્યાર્થીની (LIS)

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**